GJPM090012792024

કેસ મળ્યા તારીખ :–૦૪/૧૨/૨૦૨૪
કેસ દાખલ તારીખ :–૦૪/૧૨/૨૦૨૪
કેસ ફેંસલ તારીખ :– ૬/૪/૨૦૨૪
અવધિ :– વર્ષ, માસ, દિવસ

**ફોજદારી કેસ નંબર:–૧૦૬૧/૨૦૨૪**
**આંક:–**

************************************************************

**મોરવા (હ) ના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.**
**મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, મુ. મોરવા (હ)**

************************************************************

ફરીયાદી :– શ્રી સ ર કા ર.

**:: વિરૂધ્ધ ::**

આરોપી :– પ્રભાતસિંહ શનાભાઈ બારીઆ,
રહે.મોજરી, બારીઆ ફળીયું,
તા.મોરવા(હ), જિ.પંચમહાલ.

---

**ગુનો:ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ, ૧૧૬(બી) મુજબ.**

---

---

**ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એલ.એસ.ગઢવી.**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.એમ.બારીઆ.**

---

**–:: ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.ર૬ /૦૭/૨૦૨૪ ના રોજ આ કામનાં આરોપીએ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ.૧૫૯ કી.રૂા.ર૭,૦૩૦/– પ્રોહી જથ્થો

મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી તથા અસલ લાઈટ બીલ મળી આવી, રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી,પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ, ૧૧ ૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુન્હા સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીઓને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭, અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે ગુન્હા અં ગે તહોમતનામુ ફરમાવી તે વાંચી સંભળાવી સમજાવતા તેમજ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

આંક:૦૫ પંચસાહેદ મનહરસિંહ રંજનસિંહ બારીઆની જુબાની

આંક:૦૭ પંચસાહેદ વિક્રમભાઈ સરતનભાઈ બારીઆની જુબાની

આંક: ૦૯ ત.ક.અ. મુકેશભાઈ મનાભાઈ બારીઆની જુબાની

આંક: ૧૨ ફરીયાદી અરવિંદકુમાર વિજયસિંહ રાઠોડની જુબાની

<u>દસ્તાવેજી પુરાવો :–</u>

આંક: ૦૬ પંચનામુ.

આંક: ૧૩ ફરીયાદ.

(૪) સદરહુ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવાને ઘ્યાને લેતા, આ કામના આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય,આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬) આમ, ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.**

**૧.** શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૬ /૦૭/૨૦૨૪ ના રોજ આ કામનાં આરોપીએ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ.૧૫૯ કી.રૂા.૨૭,૦૩૦/- પ્રોહી જથ્થો મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી તથા અસલ લાઈટ બીલ મળી આવી, રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એઈ, ૧૧૬(બી) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**:: <u>કા ર ણો</u> ::**

**<u>મુદ્દા નંબર ::-૧</u>**

(૮) ફરીયાદ પક્ષે પંચોને તપાસવામાં આવેલા છે. તેઓએ ફકત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે, તેઓ પોલીસ સાથે કોઈ દારૂની રેડમાં ગયેલ હોય અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ ઈંગ્લીશ દારૂ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામુ શી બાબતનુ હતુ તેની તેમને જાણ નથી. જેથી તેઓ પંચનામા બાબતે કોઈ હકીકત જાણતા નથી. આમ, સદરહુ સાહેદ ફરીયાદ પક્ષે તેઓની ઉલટ તપાસમાં પણ ફરીયાદને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ પર આવી નથી.

(૯) ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતા રેકર્ડ પરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે. જેમાં આરોપી તરફે ઉલટ તપાસ કરતા જણાઈ આવે છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોવાનુ પણ જણાઈ આવતુ નથી. પંચોના નામ–સરનામા ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યાનુ પંચનામુ કે આરોપીનુ શરીર સ્થિતિનુ પંચનામુ કરેલ નથી. તેમજ મુદ્દામાલ વિદેશી દારૂ જ હતો તે અંગેનુ એફ.એસ.એલ. સર્ટીફિકેટ પણ ચાર્જશીટ સાથે રજુ નથી. આમ, પ્રતિબંધિત દારૂને લગતા કેસો અને ઉપરોકત બાબતોને ઘ્યાને લેતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૧૦) આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોઈએ તો તપાસ કરનાર અમલદાર ઘ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આમ, હાલના આરોપીને અટક કર્યા સિવાય તેમણે હાલના ગુનાની કોઈ તપાસ કરેલ નથી. મુદ્દામાલની રેડ પંચોને સાથે રાખીને કરવામાં આવેલી હોય અને મુદ્દામાલ વિદેશી દારૂ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવુ પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. જેથી પંચનામુ અને પંચનામાની હકીકત ફરીયાદપક્ષે સાબિત થતી નથી. **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ સુરેશભાઈ એસ.**

**પટેલ, ૨૬ જી.એલ.એચ (૧) માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે** જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. **વધુમાં માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ. એલ.એચ.સી. પાના નં .૨૨૭૬૯૮ માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ** '' જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાની શંકા ઉપજાવતા હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતી હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.'' વધુમાં આ કામે ગુનાના કામે મુદ્દામાલ દારૂના કંપનીના માલીકનો કોઈ જવાબ લેવામાં આવેલ નથી. તેમજ જે વાહનમાંથી મુદ્દામાલ મળી આવેલ તેની માલીકીનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ આ કામે તપાસ કરનાર અમલદારે રજુ કરેલ નથી. જેથી એ હકીકત પણ સાબીત થતી નથી કે, મુદ્દામાલ જે વાહનમાંથી કબજે કરેલ તે વાહન આરોપીનુ હતુ. મુદ્દામાલનો કબજો આરોપી પાસે હતો તે હકીકત પણ નિ:શંકપણે સાબીત થતી નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વિદેશી દારૂ જ હતો, તે બાબતનુ એફ.એસ.એલ.નુ સર્ટીફિકેટ પણ રજુ નથી. આમ, દારૂના કેસમાં મળી આવેલ મુદ્દામાલ વિદેશી દારૂ જ હતો તેમ નિ:શંકપણે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે, જે આ કેસમાં ફરીયાદપક્ષે પુરવાર થતુ ન હોય આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે. તેમજ હાલના આરોપીની સીધી કે આડકતરી રીતે હાલના ગુનામાં સંડોવણી હોય તેવુ પણ ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત થઈ શકેલ નથી. આમ, ઉપરોકત રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા ચાર્જશીટમાં જણાવેલ આરોપી ધ્વારા તેમના અંગ કબજામાં

વિદેશી દારૂ રાખતા હોય તેવી કોઈ હકીકત નિ:શંકપણે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૧૧)** આમ, આ કામના આરોપીએ પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ પોતાના કબજામાં રાખેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત થતી નથી. આમ, આ કેસમાં રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય મુદ્દા નં.૧ નો જવાબ હું નકારમાં આપુ છું, જેથી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતા–૧૯૭૩ ની કલમ–ર૪૮(૧) તળે પ્રોહી. એકટની કલમ–૬૫ એઈ, ૧૧૬(બી) મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વિદેશી દારૂનો અપીલ સમય બાદ નિયમો અનુસાર નાશ કરવો.

**(૩)** ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭ (એ) મુજબ આરોપીના જામીન અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:–મોરવા (હ) **(મુનાફભાઈ રસુલભાઈ કોઠારીયા)**
તારીખ:– ૬/૪/૨૦૨૬ પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક., મોરવા (હ)
**જજ કોડ નં. જીજે ૦૧૬૧૧**

**ટી.આર.મુગલ.**